# રાજસ્થાનનાં વણખેડાયેલાં સ્થળો

કવિ મકરંદ દવે કહે છે કે ધૂળિયે મારગ ચાલ… બહુ સાચી વાત છે, કારણ કે ઘણી વાર આ વણખેડાયેલા, અજાણ્યા રસ્તા જ આપણને છૂપા ખજાના સુધી લઈ જાય છે. કંઈક આવાં જ કળા અને સંસ્કૃતિથી ભરપૂર, છતાં મોટા ભાગના પ્રવાસી એમનાં વિશે અજાણ હોય એવાં અનેક સ્થળો રાજસ્થાનની ભૂમિ પર છે. રાજસ્થાનના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને માણવા નીકળેલા પ્રવાસીઓ આ પર્યટનધામોનો રસપ્રદ ઈતિહાસ જાણી-માણીને ન્યાલ થઈ શકે છે, અહીંની કળાકારીગરીના અનુભવનું ભાથું બાંધી એક અવિસ્મરણીય સફરનો લહાવો લઈ શકે છે.







## બાડમેર

જેસલમેરથી ૧૫૦ કિલોમીટર દૂર થારના રણસ્થિત બાડમેરમાં આવેલી છેક તેરમી સદીની આઉટપોસ્ટમાં તમને એક વિશિષ્ટ સાંસ્કૃતિક અનુભવનો લહાવો માણવા મળે છે. આ શહેર એની રંગબેરંગી લોકપરંપરા માટે પ્રખ્યાત છે, જેમ કે લંગા, માંગણિયારા, મીર અને ભોપાનાં ગીતો તેમ જ કલબેલિયા અને ગૈરનાં નૃત્યો.

**અચૂક મુલાકાત લેવા જેવાં સ્થળઃ કિરાડુ મંદિરો**

## સાંભર સરોવર

પક્ષીપ્રેમીઓને આશ્ચર્ય પમાડે એવું જયપુરથી આશરે ૧૦૦ કિલોમીટર દૂર સ્થિત ખારાં પાણીનું સાંભર સરોવર એ એક છુપાયેલું રત્ન છે. ચોમાસા પછી ભારતનાં ટોચનાં મીઠાનાં ખાણકામ માટેનાં કેન્દ્રમાંનું એક એવું આ તળાવ પક્ષીપ્રેમીઓ માટે સ્વર્ગ બની જાય છે, કારણ કે વર્ષના આ સમયે છીછરા તળાવની ખારાં પાણીવાળી સપાટી પર સ્થળાંતર કરીને આવતાં સુરખાબ, ટીટોડી અને ગજપાંઉ જેવાં અનેક પક્ષી જાણે એ જાતની ચાદર પાથરી એક રમ્ય દૃશ્ય ઊભું કરે છે. રતન તળાવ નજીકનો વિસ્તાર અહીં આવતાં સુરખાબ માટે એક નર્સરી તરીકેની ભૂમિકા ભજવે છે. તળાવ પાસે આવેલું શાકંબરી માતાજીનું મંદિર પણ અહીંનું એક અન્ય આકર્ષણ છે.

## નાગૌર

તીખાં તમતમતાં લાલ મરચાં અને પ્રસિદ્ધ પશુમેળાનું આયોજન કરવા માટે પ્રખ્યાત હોવા છતાં બહુ ઓછા લોકો જાણે છે કે નાગૌર એ કળાત્મક આનંદનો લહાવો લેવા માટેનું એક અદ્‌ભુત સ્થળ છે. અહીં છત્રગઢના કિલ્લા વચ્ચે આવેલા નાગૌરમાં અનેક શણગારાત્મક અજાયબી અને ચિત્રકળાનો વારસો જોવા મળે છે તેમ જ હાડી રાનીના મહેલ, જનાની દેવડી, હવામહેલ, દીવાન-એ-ખાસ, અકબરીમહેલ અને શીશમહેલમાં કળાઓનું વિવિધ તબક્કામાં સંમેલન જોવા મળે છે. નાગૌરનાં ભીંતચિત્રો મારવાડમાં ખૂબ વખણાય છે. આ સિવાય જોવાલાયક સ્થળોમાં અમરસિંહની છત્રી, કાચનું મંદિર, બંસીવાળાનું મંદિર, ખ્વાજા હમિદુદ્દીનની

દરગાહ તેમ જ મોટા પીર સાહેબની દરગાહ પણ છે.

### ડેઝર્ટ નૅશનલ પાર્ક

ભારત દેશના સૌથી મહત્ત્વના સંરક્ષણ કાર્યક્રમોમાંનો એક કાર્યક્રમ રાજસ્થાનના રણમાં આવેલા રાષ્ટ્રીય ઉદ્યાનમાં યોજાય છે કે જે જેસલમેરથી ૪૨ કિલોમીટર દૂર આવેલું છે. આ લુપ્ત થતી પ્રજાતિ એક સમયે મહાનની કક્ષામાં આવતાં ભારતીય ઘોરાડને બચાવવાનો એક પ્રયાસ છે. મુલાકાતીઓ જેસલમેરથી આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં પ્રવેશ મેળવી શકે છે અને સાથે સાથે થાર રણના વિશાળ ક્ષેત્રમાં એક અનોખા સાહસનો આનંદ પણ માણી શકે છે. આ સ્થળોએ જીપ દ્વારા અથવા સુદાશ્રીથી કે જે ૨૦૦૦ એકરનો વિસ્તાર કે જે અનેક જીવ પ્રજાતિ માટે અભયારણ્ય તરીકે સેવા આપે છે



ત્યાંથી પગપાળા જઈ શકાય છે. અહીં કપિંજલ અને પતરંગા જેવાં પક્ષી જોવા મળે છે તેમ જ શિયાળામાં કરકરો અને સારસ જેવાં પંખી પણ નજરે પડે છે.

**અચૂક મુલાકાત લેવા જેવાં સ્થળઃ ખૂરી અને સમના ટેકરા**

### ઝાલાવાડ

મનોહર હાડોતી પ્રદેશમાં સ્થિત ઝાલાવાડમાં કોટાથી જઈ શકાય છે. ૹરાજસ્થાનનું ચેરાપુંજીૹ તરીકે ઓળખાતી આ જગ્યા રજાના દિવસોમાં પ્રવાસીઓ માટે અનેક વિસ્મયકારક દૃશ્યો પૂરાં પાડે છે. અહીંનો ગાગરોન કિલ્લો, જે જળ અને જમીન બન્નેમાં આવેલો છે એ વર્લ્ડ હેરિટેજ યાદીમાં સ્થાન પામ્યો છે. શહેરની નજીક ૧૭મી સદીના ચંદ્ર મૌલી મહાદેવ મંદિરના અવશેષો જોવા જેવા છે, જે ઝાલરાપાટનમાં ચંદ્રભાગા નદીના કાંઠે આવેલા છે. આ જગ્યા ૹપ્રાચીન નગરૹ તરીકે પ્રખ્યાત છે, જે પ્રાચીન મંદિરો અને હવેલીઓથી સજ્જ છે. ગઢમહેલનાં શીશમહેલ અને ભવાની નાટ્યશાળાને જોવા ચોક્કસ રોકાવું જોઈએ.

**અચૂક મુલાકાત લેવા જેવાં સ્થળઃ ચંદ્રખેરીનું આદિનાથ જૈન મંદિર, કોલવી અને વિનાયક બૌદ્ધ ગુફા**

### રાજસમંદ

ઉદયપુરથી ૬૭ કિલોમીટર દૂર આવેલા રાજસમંદ જિલ્લાનો પ્રવાસ અચૂક માણવા જેવો છે. આ જગ્યા એ એક સૌમ્યવાન સૌંદર્ય કવિતા સમાન છે, જે વારસાથી સમૃદ્ધ અને અધ્યાત્મથી ભરેલી છે. તમારી મુસાફરીના કેન્દ્રમાં મનોરમ રાજસમંદ તળાવ રાખજો, જે રાજનગર અને કાંકરોલી નગર વચ્ચે આવેલું છે. તળાવના કાંકરોલી છેડેથી તમને નૌચોકી જોવા મળશે. સુશોભિત કમાન અને તંબુ તેમ જ તળાવ તરફ જતી એક પગથાર પણ



અહીં છે. તમે દ્વારકાધીશ મંદિરની મુલાકાત માટે કાંકરોલી જઈ શકો છો અથવા તો ઐતિહાસિક હલદી ઘાટી તરફ પ્રયાણ કરી શકો છો. અહીં જોવા મળશે સંગ્રહાલય અને નીલકંઠ મહાદેવનુ મંદિર.

**અચૂક મુલાકાત લેવા જેવાં સ્થળઃ કુંભલગઢ, નાથદ્વારા, એકલિંગજી**

### જયસમંદ તળાવ

જયસમંદ તળાવ ઉદયપુરથી ૪૮ કિલોમીટર દૂર આવેલું છે અને ગોમતી નદીમાં બંધ બાંધીને બનાવવામાં આવેલો આ ૮૮ ચોરસ કિલોમીટરનો કૃત્રિમ જળસંચય છે, જેનું ૧૭મી સદીના અંતમાં મહારાણા જયસિંહ દ્વારા નિર્માણ કરાવવામાં આવ્યું હતું. લીલીછમ્મ ઉમદા ટેકરીઓથી ઘેરાયેલા શાંત તળાવ ઉપરાંત અહીં ભવ્ય આરસની છત્રીઓ, એક શિવ મંદિર અને સમર પેલેસ પણ જોવા મળે છે. તળાવને વધારે રમ્ય બનાવતા સાત ટાપુ છે. એક ટેકરી પર હવામહેલ છે. અહીં સખત ચઢાણ પછી રૂઠી રણિકામહેલ સુધી પહોંચી શકાય, જ્યાંથી સુંદર નજારો જોવા મળે છે.

## ભાનગઢ

સત્તાવાર રીતે જાહેર કરેલાં ભારતનાં ટોચનાં ભૂતિયા શહેરોમાંનું એક ભાનગઢ એ અલવરથી ૮૬ કિલોમીટર દૂર છે. આ જગ્યા ભૂત-પ્રેતની વાર્તાઓમાં રસ ધરાવતા લોકો માટે એક અલૌકિક અનુભવ પૂરો પાડે છે. જેની સાથે કંઈકેટલીય અજાયબ માન્યતા અને દંતકથા વણાયેલી છે એવી આ જગ્યાનો ત્યાંના નિવાસીઓ દ્વારા ત્યાગ કરવામાં આવ્યો હતો. આ જગ્યામાં અનેક લોકોએ રહસ્યમય શક્તિઓનો અનુભવ કરેલો છે, જ્યાં મહેલના અવશેષોમાં અસ્પષ્ટ સંગીત સંભળાય છે અને ભૂતિયાં દૃશ્યો દેખાય છે. લાગે છે કે આત્માઓની એકમાત્ર સલામત જગ્યા છે અહીંનાં મંદિરો. એવું માનવામાં આવે છે કે જાદુટોણાના એક જાણકાર એવા ઋષિ અહીંની રાજકુમારીના પ્રેમમાં પડેલા, પણ રાજકુમારીએ એમનો તિરસ્કાર કર્યો ત્યારે એમણે એ નગરના વિનાશનો શાપ આપ્યો હતો. આવી અનેક રસપ્રદ વાર્તા નજીકમાં રહેતા ગ્રામજનો પાસેથી જાણવા મળે છે. જો કે સૂર્યાસ્ત પછી અહીં ફરવાની સખત મનાઈ છે.



**અચૂક માણજો, ખરીદજો: સ્થાનિક હાથબનાવટની ચીજવસ્તુ**

## વિરાટનગર

જયપુર-સારિસ્કા રોડ પર આવેલું વિરાટ નગર જયપુરથી ૯૧.૯ કિલોમીટર દૂર છે. બેરથ તરીકે પણ જાણીતું વિરાટ નગર એ પ્રાચીન મત્સ્ય રાજ્યના રાજા વિરાટની રાજધાની હતું. આ શહેર મૌર્યથી લઈને મુઘલ સમય સુધીના પુરાતત્ત્વીય અને આધ્યાત્મિક મહત્ત્વથી સમૃદ્ધ છે. મહાભારત મુજબ એ અર્જુનપુત્ર અભિમન્યુની રાજધાની હતું. ગોળાકાર બૌદ્ધ મંદિરનાં ખંડિયેર, મઠનાં ખંડિયેર અને પથ્થરમાંથી કોતરેલી ગુફાઓથી છલકાતું વિરાટ નગર એક સમયે બૌદ્ધ ધર્મનું કેન્દ્ર હતું. ૧૯મી સદીનાં અન્ય નોંધપાત્ર સ્થાપત્યોમાં અશોકના બે શિલાલેખો છે. અહીંનો પ્રખ્યાત બગીચો પણ મુઘલ સમયગાળાનો છે. વૈશાખ (એપ્રિલ-મે) મહિનામાં પૂર્ણિમાના દિવસે જયપુરથી ૮૫ કિલોમીટર દૂર અહીં વાર્ષિક બાણગંગામેળો યોજવામાં આવે છે.

## ડીગ

ભરતપુરથી ચાલીસ મિનિટના અંતર પર તમે જાટ રાજાઓની રાજધાની ડીગના મનોહર સ્થળ પર પહોંચી શકો છો. અહીં મોન્સૂન પેલેસ તરીકે જાણીતા મહેલ અને ૯૦૦ જેટલા ફુવારા માણવા મળે છે. અહીંના ગોપાલ ભવન અને કિશન ભવન હવે સંગ્રહાલય તરીકે લોકો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે, જેની અંદર મુખ્ય ખંડ, માનસિંહ ખંડ, અંગ્રેજી અને ભારતીય ભોજન ખંડ, મહારાજાનું નિવાસ, રાણીઓ અને જનાનાં માટેની ઓરડીઓ, એડીસી રૂમ, બિલિયર્ડ રૂમ સમાવિષ્ટ છે. દીર્ઘામાં પ્રદર્શિત છે અનેક સાંસ્કૃતિક ને કળાત્મક વસ્તુઓ. ખાસ આકર્ષણનું કેન્દ્ર ભગવાન વેણુગોપાલની ભવ્ય ચંદનની મૂર્તિ છે. સંગ્રહમાં પ્રાચીન સરંજામ, ફારસી જાજમ અને ચીનાઈ માટીનાં વાસણો જેવી ચીજો પણ સામેલ છે.

## કાલીબંગા

પ્રાચીન ઈતિહાસના રસિકોને કાલીબંગાનાં ઐતિહાસિક પુરાતત્ત્વીય ક્ષેત્ર પર ઘણું શીખવા મળે છે કે જે જિલ્લામથક હનુમાનગઢથી ૧૨.૫ કિલોમીટર દૂર છે, જ્યાં પુરાતત્ત્વીય સંગ્રહાલયમાં ૧૯૬૧-૬૯ દરમિયાન ખોદીને શોધવામાં આવેલા પ્રાચીન હડપ્પા સભ્યતાના અવશેષો જોવા મળે છે. અહીં ત્રણ દીર્ઘા માટીકામ ને પ્રાચીન વસ્તુ પ્રદર્શિત કરે છે. એકમાં હડપ્પન સંસ્કૃતિ પહેલાંના સમયની ચીજવસ્તુ પણ જોવા મળે છે અને અન્ય બે દીર્ઘામાં માણવા મળે છે હડપ્પન કળાકૃતિ. અહીં મળી રહેલી અન્ય કળાકૃતિ છે હડપ્પન મુદ્રા, બંગડીઓ, માટીની મૃણ્યમૂર્તિઓ, પૂતળાં, ઈંટો, ચક્કી, પથ્થરના દડા અને જાણીતાં છ કાપડના માટીકામનો સંગ્રહ છે એ પણ હડપ્પનથી પ્રાચીન સમયગાળાનો છે.

## સીતામાતા વન્યજીવન અભયારણ્ય

રાજસ્થાનની ઉત્તર પશ્ચિમે પ્રતાપગઢ જિલ્લાથી ૪૫ કિલોમીટરના અંતરે આવેલું સીતામાતા વન્યજીવોનું અભયારણ્ય જંગલમાંથી વહેતી મોસમી નદીઓ જેવી કે સીતામાતા, બુધો, ટાંકિયા, જાખમ અને કર્મોઈથી તરબોળ રહે છે. ખાસ લોકોની નજરમાં ન આવેલું એવું આ અભયારણ્ય વનસ્પતિશાસ્ત્રીઓ માટે ખજાના સમાન છે, કારણ કે અહીં ૧૦૮ જેવી ઔષધિ પ્રાપ્ય છે, જેમાંની ૧૭નો સમાવેશ નવી દિલ્હીની રાષ્ટ્રીય ઔષધીય સમિતિ દ્વારા નોંધાયેલી ૩૨ દુર્લભ ઔષધિમાં આવે છે. આ વિપુલ જીવનથી છલકાતા પરિસર કે જેની સુંદરતામાં અનેક જળાશયો વધારો કરે છે એ ૩૨૫ જેવી પંખીઓની પ્રજાતિઓ માટેનું આશ્રયસ્થાન છે. અહીં રમત રમતી ખિસકોલીઓ, દીપડા તેમ જ કીડીખાઉ જેવા જીવને નિહાળવા એ ખૂબ જ રમ્ય દૃશ્ય છે. એક દંતકથા મુજબ એ વાલ્મીકિના આશ્રમનું સ્થળ હતું, જેના પરિણામે આ વનને સીતા વન્યજીવન અભયારણ્ય નામ આપવામાં આવ્યું હતું. અહીં પુરાતત્ત્વવિદો દ્વારા પ્રાગૈતિહાસિક કોતરણીકામ કરેલા પથ્થરો પણ મળી આવ્યા છે. □